ખેતીવાડી પ્રથમ વિચાર.

પોથી બીજી, ભાગ ૩ જો.

વિચારનાર,
ખેતીવાડીના ઉપદેશક અને દેશદાઝજ્ઞ,
આદિતરામ સલુખરામ પારધી સમીવાળા,
વડનગરા ગૃહસ્થ નાગર.
પાટણકર—હાલમાં અમદાવાદ.



અમદાવાદ.
ધી એડવર્ડ પ્રિન્ટીંગ પ્રેસ—ઠે. મુંબાઈ બેંક પાસે.

આવૃત્તિ ૧ લી, પ્રત ૨૦૦૦
સંવત ૧૯૫૮ સને ૧૯૦૨
મુલ્ય. રૂ. ૦-૧-૦.

શેરડીના ભાષણની

પ્રસ્તાવના.

દેશની ખેતીવાડીમાં જેમ જેમ અજાંણપણું વધતુ ગયુ તેમ તેમ તેમાંથી કીંમતી માલ પેદા કરવાના છોડ ઉતપન થતાં બંધ પડતા ગયા. એ બંધ પડેલામાં શેરડીનો છોડ દેશમાંથી ઘટતો ગયો તેમ તેમ દેશમાં ઉતપન થતી ખાંડનો વેપાર જે નફાવાળો તે ઘટતો જવાથી જે નુકશાનીઓ ખમવી પડે છે તેજ એમ સુચવે છે કે તમો સેરડીના વાવેતરપર વીચાર કરી તેમાંની ભુલો જે નુકશાન કરે છે તે શોધી કાહાડી તેનુ વાવેતર વધી લાભ કરે તેવુ કરતા જાઓ એમાં દેશને લાભ છે માટે સેરડીના વાવેતરપર વીચાર કરવા આ મેહેનત છે. તેમાં કદાપી ખાંમીઓ પણ હશે તો જાહેર ચરચા થવાથી લાભ મલવાનો. હાલ ખેડુતો એકદમ સાંભળતા નથી પરંતુ પરીણામે સાંભળી લાભવાળુ કામ કરસે એમ પુરણ ખાત્રી થાય છે માટે કાંઇ પણ ડર રાખ્યા શીવાય પ્રયતન કરવો એ દેશ શેવા છે.

કર્તા.

ગુજરાત કાઠીયાવાડ કચ્છમાં જમીનના માલીકો જમીનના ખેડુતો અને ખાસ ખેતી કરનાર તથા તેમની સાથે વેપાર કરનાર વાણીયાઓના લાભને માટે.

શેરડી બાબત ભાષણ.

ઉપદેશક બોલે છેકે–સદ ગૃહસ્થ ખેડુતો તમો શેરડીનું વાવેતર કરવા જ્યારે વિચાર કરો છો; ત્યારે તમે જે કામ કરવા માંડો છો; તે કામો તમે તમારે કીયા કીયા નફા મળવા માટે કરવાના છે; એ તમારે સમજવું જોઇએ. તેમજ કામ કરવામાં તમે જે નફા માટે કરોછો; તે-માં એ પણ સમજવું જોઇએ કે; તે કામ આટલી હદ સુધી થાય તો તમે ધારેલો નફો મળવાને તે કામ પુર્ણ મનાય; અને તે કામ તેથી ઓ-છું થાયતો ધારેલો નફો મળવામાં સંકડા પડે; અને તેથી વધારે થાય-તો શું ? પરીણામ આવે તે વિચારવું પડશે–સર્વે શાધારણ નીમતો એ છેકે; જેટલુ જોઇએ તેટલું કરવાથી કામ ધારવા જેવું થાય, ઓછું ક-રીએતો ધારવા મુજબ થાય નહિ. વધારે કરીએતો નફો નથી; પરંતુ નુકસાન છે. આજે નિમ છે. તે તમો સર્વે ખેડુતો પાળતા નથી. કેટલુ કામ કરવુ તે તમે જાણતા નથી; માટે હાલનું તમારૂં કામ તપાસીએ-તો કોઈનું કામ બરાબર નથી. વધતું ઓછું સર્વેને હોય છે. માટે સેર-ડીના વાવેતરમાં કામ કેટલું કરવું. એ વાત માહારે તમારી પાસે વીન-વવાની છે. માટે ધ્યાન આપી સાંભળસો; તમામ જમીન શરખી નથી; હવા વિગેરે તમામ જગ્યાએ માટે સરખું નથી. માટે આજ સુધીમાં કોઇ-થી કામ કરવાનો ધારો થયો નથી; તેમ થવા મુસ્કલ છે. પરંતુ મારાથી બને તેટલુ હું તમોને વીનવું છું; પ્રથમ મારે તમોને વીનવવાનું એટ-લું છે; શેરડીના છોડના મુળ કેટલા ઉંડા જવાના એ મારે તમોને પ્ર-થમ વીનવુ જોઇએ; અથવા કહેવુ જોઇએ; કેમકે દર એક છોડ જમીન-નો કસ મુળવતી ખાય છે; અગર ચુસે છે. શેરડીના મુળ છીછરાં છે.

એટલે ઉપરજ મુળ હોય છે. માટે તે ઘણામાં ઘણા એક વેંત કે નવ ઈંચ ઉંડાં ભાગ્યે જાય છે. મુળ જેટલાં ઉંડા જાય તેટલે સુધીમાંથી છોડ પોતાનો ખોરાક ખાય છે; તેમાં તો કોઇથી બીજી વાત કહેવાય તેવું નથી; અગર ના કબુલ થવાય તેવું નથી.

મુળ નવ ઇંચથી વધુ જવાનાં નથી; ત્યારે શેરડીનું વાવેતર કરવામાં કેટલા દળની જમીન જોઇએ—એ સવાલ ઉઠે છે, કાઠીયાવાડમાં પથ્થર ની જમીન છે; અને ડુંગરોની ધારની જમીન છે; ત્યાંહાં દળ એછું હોય છે. માટે તેવી જગ્યામાં શેરડી વાવનાર તળાવના ખોટ કે ડુંગરનું ધોવાણ લેઇ જમીનનું દળ વધારવા સેરડી વાવે છે, અંબીકા નદીના કંપની જમીન શેરડી વાવવામાં મોટી દળદાર છે. અમદાવાદ ફરતી જમીન માટીયાળી ગોરાડું અને રેતની કે કાળી માળની જમીન છે. જેમને દળદાર જમીન છે: તેઓ ખેડ કરી એટલી ઉંડી જમીન પોચી કરેછે કે! એક હાથ એટલે વીસ ઈંચ ઉંડાણ પુરૂં કામ માનેછે. આથી બનેછે શું ? કે! વાવેતર કરતાં પહેલાં તેમણે તે ખેતરની જગ્યામાં જે ખાતર નાંખ્યુ હોય છે; તે ખેડની ઉંથલ પાથલમાં જમીન પોચી કરી હોય ત્યાં સુધી ઉંડુ જાય છે. તેથી તેટલું ઊંડુ ગયેલુ જે ખાતર; તે હાલ વાવેલા શેરડીના છોડને ખાવા મળે છે કે કેમ? એ સવાલ ઉભો થાય છે. જ્યાંહાં મુળ ન પોંહોંચે આંહાંથી ખાઇ ન શકાય; એતો; ગમે તેવી બુદ્ધીનો સમજી શકે તેવું છે. ત્યારે આપણે હાલ જે વીસ ઇંચ (એક હાથ) જમીન ખેડીને પોચી કરી ખાતર ઊંડું ઉતારીયે છીએ; તે આપણું કામ બરાબર અને કરવા જોગ છે કે કેમ? એ સવાલ ઉભો કરતાં તમે સર્વ તાજુબ થઇ આશ્ચર્યમાં પડવાના ! અને આજ સુધી વગર સમજતું કામ કરીએ છીએ; એમ સંકયામાં પડશો. પરંતુ એમતો હોયજ નહિ અને કારણ તમો જાણતા નથી; એમતો કારણ બતાવી નહિ શકો તો! ઠરે છે. તેથી હાલનું તમારૂં જમીન ખેડવાનું અને જમીન ખેડતાં ખાતર નાંખવાનું કારણ દરેક શેરડીનું વાવેતર કરનારને જાણવું જોઇએ કે! તે પોતાનું કામ બરાબર કયારે થયું એમ સમજી શકે.

વળી શેરડીનું વાવેતર કરનાર જમીનમાં સાંખું રાખી વાવતાં પહેલાં એક વરસ સુધી ખેડ ખેડ કરે છે, તેનું કારણ શું છે? એમ સવાલ મુકવામાં આવેતો! જમીન પોચી કરી કસદાર કરવાને કામ કરીએ છીએ; એમ તમો કહેવાના. પણ જો! હું સવાલ મુકું તો! એમ મુકવાનો કે! શેરડીનું વાવેતર કરવામાં છોડ પોતાનાં મુળ નવ ઇંચિની ઊંડાણ સુધીમાંથી પોતાનો ખોરાક સોશીને ખાય છે. તો! વીસ ઇંચ જમીન પોચી કરવાની મહેનત કરી શેરડીનું વાવેતર મુકું પાડવાનું કારણ શું છે? તેનો જવાબ તમે મને આપવા ધારો તો! ભાગ્યેજ ખુલાશો મળવાનો છે. ખુલાસો ન મળ્યો કે! અંજાણપણું સાબીત થવાનું છે! અંજાણપણું હોય તો! નુકસાન થવાનું છે. અગર શું નુંકસાન થાય છે? અગર કયારે નુકસાન થાય છે? તે તમે સમજવાના નહિ. અને ન સમજાય એટલે મહેનત કરવામાં ઉમંગ વધવાનો નહિ. અને જે કામ થાય છે; તે બરાબર કરીએછે; અને નુકસાન થનું નથી. એમ તમો માની કોઇનું કહેવું સાંભળવાના નહિ. એ વાત નક્કી છે. માટે માહારે તમારી પાસે આ મહેનત કરવાની છે. અને તેમાં એ સમજાવવાનું છે કે! વાવેતર કરતાં પહેલાં જે એક વરસ સુધી મહેનત કરવાની છે. તેમાં તુરત શેરડીના છોડને લાભ માટે નથી. પણ તમારૂં કામ સહેલુંને શુધું કરવા માટે છે. તેથી તે કામનું નામ જમીન કસદાર કરવાનું કામ છે; એમ કહેવાય છે. માટે તમારા તે કામથી જમીન કેવા પ્રકારે કસદાર થાય છે. તે હવે હું તમોને કહેવાને શરૂં કરૂં છું.

આપણે ખેતીમાં જેજે છોડનું વાવેતર કરીએ છીએ, તે તમામ કરતાં સેરડીના છોડ માલદાર છે. અને તેમાંથી ગોળ, ખાંડ, સાકર એવો ઉત્તમ માલ કહાડવાનો, માટે તેમને સારો ઉત્તમને વધારે ખોરાક આપવાનો છે. જે છોડને ખોરાક આપવાનો છે; તે ખોરાક ઇશ્વિરે જમીનમાં રાખ્યો છે. પણ તે કાચો છે, માટે તુરત છોડ ખાઈ શકતો નથી. છોડને

ખાવા લાયક કરવા ને માટે રાંધવાની જરૂર જે. (જેમ આપણા ખાવા માટે ધાંનને રાંધી ખાવું પડે છે.) માટે જમીનની અંદરનો ખોરાક તે સુર્યના કીરણો કે આપણા દેવતા (અગ્ની) થી રાંધી શકાય છે. પરંતુ સુર્યના કીરણોથી ગરમી આપી ને રાંધીએ તો જે સસ્તું પાલવે છે. તેવુ બીજા કોઇ સાધનથી સસ્તું પાલવી શકતું નથી. માટે જ્યાંહાં સુધી સુર્યના કીરણો જમીનના કસને તપાવી શકે ત્યાંહાં સુધી જમીન પોચી કરીએ તોજ બરાબર કામ કરયું કહેવાય. વધારે પોચી કરીએતો ! નકામી મજુરી કહેવાય; અને ઓછી પોચી કરીએતો! બરાબર લાભ મળે નહિ માટે જેમની જમીનમાં સુર્યના કીરણો જેટલા ઉંડા જઇ જમીન તપાવી શકે તેટલી ઉંડી ખેડીને પોચું કરવું એ પુરૂં કામ છે. એમ હું તમને વારંવાર વીનવું છું.

જમીનને પોચી કરી તેનો કસ રાંધી જમીનમાંથી છોડને શી રીતે મળે તે તમારી સંકયાનું નીરાકરણ હજી સુધી મેં કરયું નથી. તે કર તાં પહેલાં મારે એમ બોલવાનું છે કે; જેટલી જમીન પોચી કરી તમે કસ રાંધો તેમાંથી છોડને મળવાનો છે; તેટલાથી શેરડીના છોડ સારા થઇ તમારો ધારેલો નફો મળે તેવું કામ થવાનું નહિ. માટે તેમાં ખાતર નાંખી કસ વધારવો પડેછે. માટે ખાતર કેટલું નાંખવું? એ સવાલ તમા રી પાસે આવે છે. તેથી તેની બાબતમાં તમોને એવો તો અનુભવ છે કે; જમીનમાં ખાતર નાંખવાથી ગરમી વધારે કરેછે. માટે પાણી વધારે મા- ગે છે. અને તે પાણી આપવામાં ચુક કરીએ તો ! નુકસાન કરે છે. માટે પાણી આપવાની જેટલી સવડ હોય; તેટલું ખાતર નાંખી શકાય છે. પ રંતુ આપણી વપરાસમાં બે જાતનું ખાતર છે. એક ઉકરડાનું અને બીજૂં ખેતરમાં છોડ મોહોલ વાવી ભાગી નાંખી જમીનમાં મેળવી નાં- ખીએ છીએ; તેનું નામ લીલું ખાતર છે. બંને ખાતરના ગુણો જુદા છે. ઉકરડાનુ ખાતર ગરમ અને જમીનને કડક બનાવે છે. લીલું ખાતર ઠંડુ

અને જમીનને સુવાળીને વાપદાર બનાવે છે. (લીલું ખાતર ઉધઇનું બળ કરેછે.) તમો તે બંને શિવાય ત્રીજું ખાતર વાપરો છો; તે ખાતર ઓર-ડીના ખોળનુ હોય છે. પણુ તે વાવેતર કરવા પછી વાપરો છો; માટે આ પ્રસંગે તેને માટે કાંઇ વિચારવાનુ નથી. પરંતુ કોઇને ભુલ માલમ પડે, માટે યાદ કરવું પડેછે. વળી સાંખું રાખી જમીન કસદાર કરવામાં વરસાદની મોસમમાં તે સાંખું ખેડી તેમાં વરસાદનું પાણી પડે તે જમીનમાંથ બહાર વહી ન જાય; તો વરસાદના પાણીમાં જે હવામાંથી પોસણુ કરવાની શકિત આવી તે પાણી જમીન પી જાય છે. તે તમામ શકિત એટલે કસ જમીનને મળી કસદાર કરે છે. માટે વરસાદનું પાણી તમામ તે સાંખાંની જમીન પી શકે તેટલી પોચી કરવી કે તેમાં પાણી રહી શકે.—શીયાળામાં જમીન ખેડવાની મતલબ એ છે કે; જે ઝાકળ કે ઠારનો વરસાદ પડે છે. તેથી તેમાં જે કસ હોય છે. તે જમીનને મળે છે. માટે ઝાકલનો કસ લેવા શીયાળામાં જમીન ખેડવાની છે.—ઉનાલામાં જમીન ખેડવાનું કારણુ જમીન તપાવી કસ રાંધવા માટેનું છે. આ મુજબ એક વરસ સાંખું રાખવાથી જમીન કસદાર કરવા માટે એ કામ છે માટે પ્રથમ ઉનાલામાં તપાવવા ખેડવી પછી ચુમાસાનો ને ત્યાર પછી શીયાલાનો કસ લેઇ બીજા ઉનાલામાં વાવેતર કરવામાં આવેતો! જમીન કસદાર કરવાનો પ્રયત્ન થયો એમ કહેવાય છે. પણુ તે પ્રયત્નનું ફલ મેલવવા માટે જે ક્રિયા કરવાની છે. તે કરવામાં ન આવેતો! સાંખું કરવાની મહેનતનૂ ફલ પુરે પુરૂં મલતું નથી. માટે તમારે એક વિચાર કરવો પડશે. તે વિચાર કેમ કરવો તે માટે તમારી પાસે એક સવાલ મુકવામાં આવે છે કે; તમો શિયાલામાં જે ઝાકલ પડે છે. તે દર એક જગ્યાએ સરખો પડે છે કે? વધતો ઓછો પડે છે. તે મને તમારા અનુભવથી કહો? અને વધતો ઓછો કહેનારને તેનું કારણુ મને કહેવું જોઇએ?

માટે ખેડુતો તમારે એમ વિચારવું જોઈએ કે, ઝાકળ એ શું

છે! તો તમોને માલુમ પડવાનું કે; દિવસના જમીન ઉપર અગર જમીનની અંદર જે પાણી છે. તેના પર સુર્યનો તાપ પડી તેમાંથી આકાશમાં વરાલ રૂપે પાણી જાય છે. તેમજ વળી લોકો પોતાનું કામ કરે છે; તેમાં અગ્નિથી જે કામ કરે છે. તે અગ્નિ પોતાની ગરમીથી પાણીની વરાળ કરે છે. તે ઉપર જાય છે. તેમજ વળી માણુસ જાનવર પંખી પ્રાણીઓ અને વનસ્પતીમાં જે પાણી રહયાં છે. તે પાણી સુર્યના કીરણોથી સુકાઇ વરાળ રૂપે ઉપર આકાશમાં જાય છે. આવી અનેક વરાળોનું પાણી આખા દિવસમાં જે આકાશમાં ગયું હોય છે. તેમાંથી ઝાકળ પડે છે. પરંતુ તમારે વિચાર કરવો જોઇએ કે, જેમ સુર્યના કીરણો અને અગ્નિ તેમને ઉપર લઇ જાય છે. તેમ નીચે લાવનાર પણ કોઇ જોઇએ. આમ વિચાર કરશો એટલે તમોને કારણ શોધવું પડશે; અને તમામ જમીનપર ઝાકળ સરખી પડતી નથી. માટે જમીન તે ઝાકળને ખેંચી લાવે છે. અને જમીનમાં જેટલો કસ તેટલી તે જમીન ઝાકળ ખેંચે છે. માટે આપણે જમીન ખેડી ખાતર નાંખી જમીન કસદાર કરીએ છીએ, જમીન ખેડીને પોચી કરવાથી સુર્યના કીરણો તેમાં પેસી કસને રાંધે છે. તેમજ જે જમીન પોચી કરી તેના રજકણો છુટા રાખ્યા હોય, તે ઝાકળને વધારે ખેંચે છે. માટે જમીન કસદાર કરી ખોદી પોચી કરવાથી દિવસના તેમાં સુર્યના કીરણો પેસી જમીન રાંધે છે. અને તે જમીનનો કસ રાંધેલામાં જમીન અંદરનું પાણી ઉકળી જમીનનો ઉકાળો થઇ તેમાંના કસ સાથે વરાળ ઉપર જાય છે. વરાળ જમીનના કસનું તત્વ પોતામાં ભેળવી લેઇ જાય છે. જેમ (મહુડાનો અગર બીજા પદાર્થનો દારૂ કે અર્ક કહાડે છે. તેમાં તે પદાર્થનો કસ આવે છે.) અને રાતના જમીન તે કસને ખેંચીને પાછો ઝાકળ રૂપે લાવે છે. એટલે તે વરાળ પાછી આવ છે. તેનું નામ ઝાકળ કે ઠાર છે. તેથી જમીનના અંદરનો ઉંડો કસ જે છાંગરાં મૂળનાં છોડને મળતો નથી

તે વરાળ રૂપે ઉપર જઇ ઝાકળ રૂપે જમીનનાં ઉપરના પડ પર પડે છે. તેને છોડનાં મુળ ચુસે છે. માટે શેરડી માટે આપણે જે સાંખું રાખી જમીન કસદાર કરીએ છીએ તે જમીનનો કસ રંધાઇ વરાળ રૂપે ઉપર લાવવા માટે અને તે વરાળ પાછી ઝાકળ રૂપે જમીન પર લાવવા માટેનું કામ કરવા માટે છે. એમ તમારે સમજવું એ મહારૂ વીનવવું છે. તેમાં એવું મુસકલ છે કે; જમીન પોચી અગર પાંસદાર રાખવાથી તે કામ થાય છે. પણ જમીન પર પાણી ફરી વળી ઉપરથી કઠણ કે પોપડીદાર થઇ જાય તો! તે કામ બરાબર થતું નથી. તેમજ જમીનમાં પાણી ભરાઇ રહી જમીનના કાણામાં પાણી રહે તો! તેમાં સુર્યના કીરણો કે હવા પેસી શકતા નથી. અને કામ બરાબર થતું નથી. તેથી જમીનમાં કાણાં કે છીદ્ર પુરાઇ જાય તેટલું પાણી ના જોઇએ; આટલુ અત્યારે તમે સમજસો તો! તમોને અગાડી વધારે સમજવાને સહેલુ પડશે.

શેરડીમાં આપણે જે ખાતર નાંખીએ છીએ; તે ઉકરડાનું ગલતીયું ખાતર નાંખવાથી ઘણો ફાયદો છે. કેમકે તેમાં કાંઇ રોગ આવવાનો સંભવ નથી. પણ જો કાચું ખાતર નાંખીએ એટલે આપણા ઉકરડા ઉપર જે કોહયા વગર સુકાઇ જાય છે. તે કાચુ છે. તેમાં જીવાત હોય છે; અને મણુ માણુ જેવી જીવાત તેમાં પોતાનો વસ્તાર વધારવા ઇડાં મુકે છે. તેથી શેરડીમાં રોગ આવે છે. માટે કાચું ખાતર નાંખવું નહિ. તેમ છતાં કોઇને નાંખવું હોયતો ઉકરડામાં ઉકળતું પાણી પ્રથમ રેડવું એટલે નાંખવું કે છાંટવુ કે; તમામ જીવાત અને તેમના મુકેલા; ઇડાંનો નાશ થઇ જાય! એમ કરવામાં જેઓ પાપ માનતા હોય, તેમણે તેમ કરવું નહિ. અને કાચું ખાતર ખેતરમાં નાંખવું પણ નહિ. લીલા ખાતરમાં ગળીના, શણુના, તલકીયા મગના, કલથીના કે, મઠ વિગેરે કઠોલનું વાવેતર કરી લીલું ખાતર બનાવી નાંખવું એ સારૂં છે. તેમજ બકરાં ઘેટાં ઊંટ કે ઢોર બેસારી ખાતર કરવું તે પણ સારૂં છે.

હવે શેરડીનું વાવેતર કરવામાં બીજ પર વિચાર કરવાનો છે. માટે પ્રથમ તો એ વિચાર કરવોકે, પોતાના ગામનું બીજ કે; પર ગામનું બી-જ કે; પર પ્રાંતનું બીજ કે પર મુલકનું બીજ વાવવાથી શું તફાવત માલમ પડેછે. અને તેવા તફાવતથી પોતાને શેમાં નફો મળે છે. તે સમજવા દર એક શેરડી વાવનારે એક બે કે વધારે ચારા પોતાના વાવેતરના વિસ્તાર પર વિચાર કરી અખત્રાં કરવાં રાખવા અને તે અખત્રામાંથી નફો નુકસાન નકકી કરવું એ મુખ્ય કામ છે. (દરેક વરસે ખેતરોમાં એકના એક છોડનું તમે વાવેતર કરતા નથી એ વાત ધ્યાનમાં રાખવાની છે.) બીજ બાબતમાં બીજું એ વિચારવું કે; છોડના થડનો નીચેનો ભાગ કામમાં લેવાથી કેવું વાવે તર ઉગે છે. વચ્ચેનો ભાગ વાવવાથી કેવું ઉગે છે. અને ઊપરનો ભાગ વાવવાથી કેવા છોડ ઉગે છે. એ પણ અખત્રા કરવા જોઇએ? કેમકે; શે-રડીના એક છોડના ત્રણ ભાગ થઇ શકે છે. ઉપરનો મીઠાસમાં થોડો હોય છે, વચ્ચેનો ભાગ પોતાના કૌવતમાં પુરો આવેલો હોય છે. અને ની ચેના ભાગમાં કઠણાશ થઇ ગઇ હોય છે, માટે નીચેનો ભાગ ઉગવામાં સારો હોયતો ! તેની કીંમત જુદી થાય છે, વચ્ચેના ભાગની કીંમત જુદી થાય છે, અને ટોચના ભાગની કીંમત જુંદી થાય છે. તેથી એવા અખ ત્રા કરવાથી બીજ શુંધું પાડવાનો શહેલો ઉપાય થઇ શકે છે. હાલમાં વાવેતર કરવાની રીત બે પ્રકારની છે, તેમાં એક આખો સાંઠો વાવવાનો અને બીજી કાતળીઓ પાડવી અને તે કાતળીઓ વાવવી, તેમાં શારૂં વાવેતર શેમાં થાય છે. તેના અખત્રા કરવા. આખો સાંઠો વાવવાથી બી-જું કામ કરતા હરકત પડવાની, કાતળીઓ પાડી વાવવાથી બીજા કામને સવડ પડે, તો પણ છોડને પોસણ મલવામાં ખોટ આવે છે. આટલા વિચાર કરવામાં એ પણ વિચારવાનું છે. કે- જે સાંઠાઓનો બીજ માટે ઉંપયોગ કરવામાં આવે તે સાંઠા નીરોગી ને શીયાલાના કરડેલા કે; અંદર કીડા પડી બગડેલા કે; પાંદડામાં ચિત્રી મરી વિગેરે કોઇ રોગ લાગેલો

હોવો ન જોઇએ, એ વાત મુખ્ય વિચારમાં રાખવી. નીરોગીપણાથી બીજ પસંદ કરવું અને અખત્રાથી આપણી જમીનમાં જે વધારે લાભ આપનાર જણાય તે છોડનો ભાગ પસંદ કરવો.

સદગ્રહસ્થ ખેડુતો મને એક અજબ જેવું. એ લાગે છે કે, સે-રડીના વાવેતર વખતે તેમાં જે ગવાર વીગેરે વાવી છાંયડો કરવાનો વી-ચાર કરેલો હોયછે, તે છાંયડાની દરકાર દુર થાય કે? તે વાવેતર (ગવાર) ભાંગી નાંખી લીલું ખેતર કરવું જોઇએ, તેમ છતાં તેમાં ગવાર પાકવા દેઇ તેની શીંગો બજારમાં સાક મટિ લીલી વેચી પઇસા ઉપજાવે છે. પણ તેમ કરવાથી સેરડીને શું શું નુકશાન થાય છે? તે વીચારતા નથી એ તે શું કામ કહેવાય? તેની મને સમજ પડતી નથી. કેમકે એક વરસ જમીન પડતર રાખી કસદાર કરી તે નુકસાન માનતા નથી. પણ ગવારની સીંગો ન વેચવામાં નુકશાન માને છે. હું તમોને વીનવી વીન-વીને કહું છું કે, કોઇ પણ શેરડીના વાવનાર જો તેમાં ગવારનું અગર તેવું બીજું વાવ્યા પછી વેચસોંમાં, પણ ભાગીને ખાતર કરજો. એટલે સાંઠામાં સીંગોની કીંમત કરતાં વધારે પાક આવશે.

વાલા ખેડુતો તમો એક વરસ સુધી પુષ્કળ મેહેનત કરી જ-મીન કસદાર કરી જે નફો લેવાની ઇચ્છાવાળા થઇ વાવેતર કર્યું હોય છો! તે નફો પુરો મળવામાં તમારે સેરડીનું વાવેતર કરેલું હોય, તેમાં પાણી પાવાપર અને પાણી પાયા પછી જમીન પોચી કરવા પર તમામ આ-ધાર રહ્યો હોય છે. એ આધાર પર વીચાર કરી કામ કરશો તો! તમો હાલમાં જેટલી વાર પાણી પાવાની મજુરી કરો છો, તેથી ઓછી કરવી પડસે. તેમ માલ સારો પાકસે તમો સઘળાના જાણવામાં છેકે, જમીન સુકી પડવાથી મોહોલના છોડ જમીનનો કસ ચુસી વજનદાર થાય છે! અને જમીન ભીની રહેવાથી મોહોલના છોડ જમીનનો પુરો કસ ચુસી સકતા નથી, તમારો ચારો પાણીનો ભરેલો હોય છે, માટે સેરડીના છો-ડને જમીનનો કસ મળવા ચાર માં જમીન સુકી થવી જોઇએ. આપણામાં

એક કહેવત છે કે; ખપઇડીયા વગર વરસ નહિ એ કહેવતનો અર્થ એવો છે કે, જમીન ભીનીને ભીની રહેતો જમીનનો કસ ચુસી શકાતો નથી માટે તમારે પાણી એવું પાવું કે, સેરડીના સાંઠા જમીનનો કસ ચુસી સકે તેવી જમીન સુકી પડવા દેવી અને જે ચારાઓમાં પાણી પાએલુ હોય તેમાં વરાપ થઇ કે; તે ખોદી કે ખેડી નાંખવું. એમ કરવાથી બનસે એમકે, દીવસના તેમાંનું પાણી સુર્યના કીરણો અને વાતાવરણ જમીનમાં પેસી સુકવી નાંખસે. અને રાતના જમીન ઝાકળ ખેંચી એટલું પાણી પાડશે કે, જાણે પાણીનું પીત કર્યું. આવી ઝાકળથી જે છોડ ઉછેરવાના તેમાં એક કાળજી રાખવામાં એક કામ એવું કરવાનું છે કે, જે છોડ તમોએ વાવ્યા છે, તેમાં રાતના જે ઝાકળનો વરસાદ વરસે છે. તેમાં જમીનપર પડેલી ઝાકળ જમીનને કસદાર કરી છોડને પોસણ કરે છે. પરંતુ છોડના પાંદડા વીગેરેપર ઝાકળ પડી મોતીયા જામેલા દેખાય છે. તે તેમના તેમ રહેવા દઇએ તો! સુર્ય ઉગ્યા પછી સુકાઇ જવા માંડી જમીનને કસદાર કરતા નથી. માટે પરોઢીયામાં તેવી ઝાકળ જમીનને મળવા છોડને નુકસાન ન થાય તેમ હલાવી જમીનપર પાડી નાંખવાં એ કામ ઘણુંજ કીંમતી છે. ઝાકળના મોતીયા પાડવામાં જે મજુરીનો ખરચ કરશો ! તેથી ઘણો ગણો નફો તેમાંછે એકંદરે કહેવાનું એટલુ છે કે, તમો સેરડી વાવો છો; ત્યારે હવા સુકી તાપના દીવસ અને છોડ નાહના તેથી પાણી જલદી આપવાની જરૂર છે. પણ છોડ મોટા એટલે કાતળી એ પડયા, તે વખતમાં વરસાદના દીવસ આવવાના પણ તે વખત પણ બાફની રતુ છે, માટે પાણીની જરૂર છે, અને પાણી આપવાથી છોડ એકદમ વધે છે, પરંતુ કસ પાણીનોજ હોય છે, માટે કાતળીએ પડયા પછી જમીનનો કસ ઝાકળનો કસ અને ખાતરનો કસ આપવાનો છે. માટે પાણી આપ્યા પછી સુકાવાથી ખોદવું એ મુખ્ય કામ છે. તે સમજીને કરસો તો પીત ઓછા કરવા, પડશે અને પાછળ કરેલી તમામ મહેનતનું ફળ ઝાકળ મારગે મલશે.

હાલમાં રેતાલ ગોરાડુંમાં શેરડી વાવનાર ત્રીજે દિવસે પાણી આપે છે. ગોરાડુ માટીયાળી જમીન વાલા ચોથે કે પાંચમે દીવસે પાણી આપે છે. કાળી કંપની કે કાળી માળની જમીન વાલા પાંચ કે ૭ દિવસે અગર આઠ દિવસે પાણી આપેછે. તેમાં માત્ર ઉપરથી સુકાયેલું જોઇને પાણી આપેછે. અગર ઉપરના સુકાવાથી અંદરનું પાણી ઉકલી છોડના મુલને માંદા કરી એની અસર છોડને લાગવાથી પાણી માગે છે, એમ માની પાણી આપે છે. તેથી બને છે એમ કે; ઉકળેલુ પાણી ટાઢું પડી મુલને ઇજા કરતાં નથી. તેથી છોડ તનદુરસ્ત છે, એમ માનો છો. પરંતુ તમારો ઇરદો કે હેતુતો છોડને જમીનનો કસ ચુસી છોડ વજનદાર કરી ગોળ માલદાર દાણા દાર અને કઠણ કરવાનો છે. તે પાર પડતો નથી. તેનુ કારણ માત્ર પાણી પાયા પછી જમીન પર કોપડી વળે છે તેથી તેની કઠણાસથી સુર્યના કીરણોને વાતા વરણ એટલે હવા તેમાં જલદી પેસી પોતાનું પાણી સુકાવવાનુ કામ કરી શકતા નથી. તેમજ રાતના જમીન ઝાકલ ખેચવાનુ કામ તમારી મહેનત મુજબ કરી શકતી નથી: એ મોટી નુકસાની છે. માટે પાણી પાયા પછી વરાપ થઇ કે ખોદી નાંખી પાંસ કરવાથી પાણી એકદમ સુકાવાનું અને ઝાકલ એટલી આવવાની કે જાણે વરસાદ વરસ્યો અગર પાણ પાયુ માટે દરેક વરાપે ગોડવાનું કામ બરાબર કરો તો! ત્રણ દિવસ વાલાને ૭ દિવસે પાણી જોઇએ તેમ દરેક પાણી વાલાને બમણા દીવસે એટલે બે વાર પાણી પાવુ પડે એટલી વખતમાં એક વાર પાણી પાવુ પડશે

વળી આપણા ત્રણે પ્રાંતોમાં હાલમાં જે શેરડી વાવેતર થાય છે, તેમાં કાઠીઆવાડમાં કાળી ધોળી અને કાબરી કાતગા મોટી ને કઠણ જાતની વાવેછે વલસાડ તરફ કાળી ધોળી કાબરી પણ જાડી કઠણ આકરી અને અંદર પોલાસ હોયછે. મહીકાંઠા પાલનપુર અને રેવા કાંઠામાં કાઠીઆવાડની જાતની હોય છે. પણ અમદાવાદ તરફ પાતળી ને નાની કાંતળીઓ

પોચી તેથી પાણી એ ભરપુર હોય છે. માટે એ દરેકમાં શુ શુ તફાવતો છે? તે વિચારવુ અને એવુ બીજ પોતાને લાભ આપે છે કે કેમ? તે તપાસવા માટે ત્યાંના બીજ મંગાવી અખત્રા કરવા અને જે અખત્રામાં લાભ મનાતો હોય. તે લાભ લેવા તેનું વાવેતર કરવુ. એ ઘણું સારૂં છે, વળી આવુ શેરડીનુ વાવેતર કરતાં એટલુ પણુ ધ્યાનમાં રાખવાનુ છે કે; જમીન ખુલ્લી અથવા અજવાશ અને હવા પેશી શકે તેવી રાખવી જોઇએ, કે! દિવશ રાતની તેમાં ક્રિયા થઇ ઝાકળનો લાભ મળે. અને જાડુ વાવેતર કરશો તો! એ લાભ મલશે નહિ. પણુ છોડ માંદા પડશે, રોગ આવશે, અને તેમાં ગોડવા અને નીંદવાનુ કામ કરી શકશે નહિ, એટલુ નુકશાન છે.

વાવેતર કરવા પછી હાલમાં તમો જે ઉકરડાનું ખાતર ખોળનુ ખાતર ખેતરમાં નાંખોછો, તે કામ જમીનને કશદાર કરવાને માટે નથી. પણુ છોડને પોશણુ કરવા માટે છે. જેમ હાલ બે ખાતર વાપરોછો. તેમ તલાવના ખોટ વિગેરે બીજાં ખાતર નાંખી શકો છો. એ ખાતર ચારાઓમાં સુકું નાંખી પાણી વાળી શકાયછે તેમજ કુવાના થાળામાં કે પાણીની કુંડીમાં નાંખી ને ધોવાણુ કરીને કશ મોકલાય છે. અને ખાતરના પાણીનો રેડ કરીને નાંખી શકાય છે. ઢોર માણશનુ મુતર નાંખી શકાય છે. માટે જેટલુ નાંખવાથી નફો પડી શકતો હોય. ત્યાં સુધી ખાતર વધારે નાખવુ, અને એકંદરે વીશ વીશ દિવશ સુધી પાણી પાયા વગર છોડો ખુશીથી રહી શકશે! અને તેટલા વખતમાં એ છોડો જમીનનો એટલો કશ ચુશશે કે; માલ શારો પકવવાના શવળા હેતુઓ પાર પડશે. પણુ એવુ કામ કરવાનો તમને અનૂભવ નથી. અને અજમાશ કરવાની ટેવ નથી. તેમ તમારા મન સ્થીર અને વિશ્વાશ વાલાં નથી. તેથી કોઇનુ કહેવુ તમોને અશર કરતુ નથી. અને જે કામ કરતા હોછો, તેમ કરે જાઓ છો. માટે મારી વાત પણુ તેમ ઉડીજ જવાની એવી મને બીક છે. માટે મારે વિનવવા-

નુકે; તમોએ તમારા વાવેતરમાંથી ફક્ત એક ચારો મારી કહેલી વાત નક્કી કરવા અખત્રામાં મુકીને તમારૂં કામ તમે કરશો? એટલે તે અખત્રો કર્યો કહેવાશે. અને મારી કહેલી વાત અજમાવામાં તમે કાંઇ ભારે નુકશાનમાં આવસો નહિ. અને અખત્રામાં મારૂં કહેવુ શાચુ ઠરશે તો! તમે તમારા તમામ વાવેતર બાબત ફતેહ મંદ થશો, અને મારી આવી વાતો માન્ય કરશો! આ શિવાય તમોને વિનવવા બીજો ઉપાય નથી. કારણ કે તમે નશીબને માનનારા છો. તેથી બીજાનું જોઇને માનવાના એમ મને ભરૂસો નથી કેમકે એક શદગ્રહસ્થ નામે માધવચંદ હીરાચંદ પાટણ પ્રગણાના વારેડા ગામમાં પોતે ખેતીનો ધંધો ચલાવે છે. એ ગામમા પાંચ દાંતાથી અને પાંચશેર બીજ એક વીઘે બાજરી માટે વાવવાનો ચાલ છતાં પહોળુ અને આછુ વાવેતર કરવા ત્રણ દાંતાથી વાવી અઢીશેર બીજ વાપરે છે. અને તેમ કરવાથી તે ગામના જુના ખેડુતો જે નફા જુએ છે.તેમ છતાં પોતે તેનો લાભ લેતાં નથી આવી મને ખાત્રી છે. તો પણ તમને કહેવાથી પરીણામે નફાવાળુ કામ થશે, એ ભરૂશાથી આ મહેનત કરવામાં આવેછે. વાવેતરના બીજમાં નાંખેલા કકડાઓ બરાબર ઢકાય એટલુ દબાણુ કરી ઢાંકવા જોઇએ તેમાં કરેલી ઉતાવલ કોઇ વખત ભારે નુકશાનીમાં આણે છે કેમકે; શેરડીનુ બીજ ઘણુ મુધુ હોય છે,

એકનૂ એક બીજ એકની એક જમીનમાં દર વખત વાવવાથી તેના શાંઠાં ઉતરી જાય છે (નાનાને પાતલા થાય છે,) માટે એકજ જાતની કશવાળી જમીનમાં જે શેરડી વાવી હોય તે શેરડીમાંથી બીજ કાઢી તેજ ખેતરમાં અગર તેવાજ કશની જમીનમાં વાવવુ નહિ બીજી રીતે કહેવુ હોયતો પોતાના ગામનું બીજ પોતાના ગામની સીમમાં વાવવુ નહિ પોતાના ગામનૂ બીજ બીજે ગામ મોકલવુ અને બીજા ગામનું બીજ પોતે મંગાવીને વાવવુ એ મોટા લાભની વાત છે અમદાવાદની નજીકની જે ધોળી ને સકુમાર (પોચી શેરડી) અવલોકન કરનાર તેઓને

ખાત્રી થઇ છે કે! એનૂ એ બી વાવવાથી શેરડી નાની ને પાતળી થઈ ગઇ છે. તેથીં પ્રથમ જેવો નફો આપતી નથી. અને જમીનનો કશ ઉતરી ગયો છે, માટે આમ બને છે. એવુ કાશીંદ્રા વીશલપુર વીગેરે ગામોના લોકો માની બહોળુ વાવેતર કરતા અટકી ગયાછે,

હવે શેરડીનું વાવેતર કરતા તે પહોળુ અને આછુ કેટલુ વાવવુ તે વિચારવાનૂ છે, તેથી તે વીચારતાં કેટલી બાબત વિચારવી પડશે. એ તરફ તમારૂ ધ્યાન વાળીએ છીએ. તો! સેરડીનું વાવેતર કરનારના ત્રણ ભાગ પડે છે. એકભાગ માણુસો સેરડીને મેવા તરીકે ખાય છે માટે ખાવા શારૂ બજારમાં વેચવાના વીચારથી વાવેતર કરવુ. બીજો ભાગ સેરડીનુ વાવેતર કરનાર લોકોને બીજ પુરૂ પાડવા શારૂ વેચવાના ઇરાદાથી વાવેતર કરવુ ત્રીજો ભાગ ગોળ બનાવવા શારૂ પીલવા માટે સેરડીનું વાવેતર કરવુ આ પ્રમાણે છે. તેથી બીજ ચોપવાના અંતરમાં ત્રણે જણાઓને જુદુ જુદુ અંતર રાખી વાવેતર કરવુ પડસે. વલી અંતર રાખવામાં બીજો એ વીચાર કરવાનો છે, કે! સેરડી જે ઘાશની જાતનો છોડ છે. માટે એક બીજમાંથી અગર એક છોડમાંથી અનેક ફણગાઓ ફુટી અનેક છોડ ઊત્પન્ન કરી ભોથુ બનાવે છે. તેમાં સેરડીની જાત ઊપર કેટલા ફણુગા નાખનારો છોડ છે. તે વિચારી બીજ છોડોના ફણગા તેને ફાલીને છોડ જેવો કૌવતદાર બનાવાનો તે ઉપર વિચાર કરી અંતર રાખવો પડસે. વલી એ ઘાશ જાતનો છોડ તેથી તેના મુલ ઉપર રહેવાનાં માટે એ છોડના મુળમાંથી એક કરતાં વધતા ફણુગા કઢાવવા હોયતો તે ઉપર જે ખાતર નાંખવાનુ કામ કરીએ છીએ, તેમાં ખાતર તલાવડાના ખોટ અને ખોલ નાંખવાની જેટલી શક્તી હોય, અને ત્યાર પછી જોઇતુ પાણી આપવાની શવડ હોયતો! તેમાંથી વધારે ફણગા વાળો છોડ કરી શકાય છે. અને બીજના ખરચમાંથી બચાવ કરી શકાય છે. માટે નફો મલી શકે તેવી શવડ વાલાઓ તેના હિશાબ તપાસી એવાં કામ કરેછે.

સેરડીના વાવેતરમાં કામ કરવામાં પ્રથમ જમીન કશદાર કરવાનુ અને વાવેતર કરવા પછી એ કશદાર જમીનથી જે લાભ લેવાના તે તમોને મારાથી બની શકે તેટલુ અને વિનવાય તેટલુ વીનવ્યું છે. પરંતુ હવે એ વાવેતરમાં જે વિનવવાનુ છે. તે હુ શરૂ કરૂછુ.

સેરડી વાવવા માટે તમે જમીનને પાણી પાઇને ગાળવી અને સેરડીના બીજના ત્રણ આંખવાલા કડકાઓ ગાળવેલી ભીની જમીનમાં વાવવા માટે નાંખીને પગના અગુડાવતે દબાવો છો. તે કામ ઊતાવલથી કરતાં કેટલાક બરાબર દબાય છે, અને કેટલાક બરાબર દબાતા નથી. તેથી ઊઘાડા રહે-છે. ઉંઘાડુ બીજ જમીનના પડદા વગર ઊગે નહિ. તેથી તેમાં બીજે કે ત્રીજે દિવસે કોરૂં ખાતર નાંખી; એ તમામ જગ્યાને ઢાંકી નાંખોછો. આ કામ કરવુ એ ભુલ ભરેલુ કહેવાય નહિ. પણ ઊતાવળુ અને નૂક-સાન કરવાના સંભવ વાળુ કહેવામાં મને હરકત છે હરકત એ છે કે જમીનમાં ઊગતો છોડ જ્યાં સુધી પોતાનુ મુલ નાંખતો નથી. ત્યાં સુધી તે બીજ ની શાથે રહેલો શાંઠાંમાંનો રશ ચુશીને મોટો થાય છે. બીજા બોલમાં કહીએ તો રશ એ ઊંગતા છોડનો ખોરાક છે. તેથી એ ઊંગતો છોડ એટલો ના-જૂક હોય છે કે; ખાતરથી ઢાંકવામાં આવે છે, તેથી તેની ગરમીથી તે માંદો થઇ જાય છે, અગર કોઇ વખત મરી પણ જાય છે. અને કર્મે શજોગે આકાશ નિર્મલ હોય, તાપ શકત પડતો હોય. ને હવા તદન થંડી હોય, અને પવન બીલકુલ બધ હોય તો, વધારે ભય ઊંત્પન્ન કરવાનો શભવ માટે એ ભયથી બચવા શારૂ એ કામ શારૂ છે. એમ કબુલ થઈ શકતુ નથી. ચોંપવામાં ઉતાવલ કરવી નહી. અને દર એક બીજ ારે વાવેલી કાતલી જમીનમાં બરાબર દબાવી ઉંગવા જેવી કરવીને ખાતર નાંખી નુકશાનના ભેથી બચવુ એ કામ સારૂં છે,

અનુભવ ઊપરથી આપણુને માલુમ પડયુ છે કે; સેરડીને દરિયા કિનારાની હવા માફક છે. તેથી દરિયા કિનારાના વાવેતર કરનારાઓ પોતાની ખેતીમાં સેરડી જે થોડા ખરચથી ઉછેરી શકે છે, અને તેનુ દરેક કામ એક કામ ઉછરતુ જોવાથી જે ઉમગ વધે છે, તે પ્રમાણે દરિયા કિનારાથી દુર એટલે અદરના ભાગમાં તેનુ કામ થતુ નથી, અને તેમાં ખરચ વધારે હોય છે. દરિયા કિનારો તેને માફક છે. એમ નકકી થાય છે, તેથી આપણે એમ કહી શકાયે છીએ કે, દરિયા કિનારા પાસે હવા ભેજવાલી માટે સેરડી ને ગરમી ઇજા કરી શકિત નથી, બીજી રીતે બોલવુ હોયતો એમ કહેવાનુ છે કે, સેરડાને ગરમ હવા માફક નથી, માટે દરિયા કિનારા સિવાયના વાવેતર કરનારાઓ સેરડીને તાપથી બચાવવા ગવાર વિગેરે વાવેતર કરી છાંયો કરેછે, વલી દરિયાની હવામાં મીઠુ હોય અને તે હવા શેડીરને માફક છે. માટે અંદરના ભાગ વલાઓ એ પોતાની કોહોડોમાંથી જે મુતરચલો એટલે ખારોડ કહીએ છીએ, તે શેરડીને ખાતર તરીકે નાંખાવાથી એટલે શેરડી વાવ્યા પછી કુંડી કે કુવાના થાળામાં નાંખીને તેનું ધોવરામણુ શેરડીના ચારાઓમાં જવા દેવુ એટલે ઓછા ખરચથી સારૂ કામ થશે.

સેરડીના વાવેતર કરનારાઓએ મુખ્ય વાત એ જાણુમાં રાખવાની છેકે; સેરડીના સાંડાંનાં ઊપરનાં જે પાનાં તે ઉખેડી નાંખ્યા પછી તે ઉકરડામાં નાંખીને કોહોવડાવવાં અને સાંઠા પીલ્યા પછી તેના કુચા જે ગોલ પકાવવામાં બાળવાના ખપમાં લેઇ વાપરવામાં આવે છે, એ કામ સારૂ નથી માટે એમ બાલી નાંખવા નહિ. પણુ ગમે તેમ કરીને ઢોરોને ખવરાવવા પણુ તેમ કોઇ ન કરેતો તે પણુ ઉકરડામાં નાંખવા અને તેનું ખાસ ખાતર કરવુ અને એ ખાતર શેરડીમાંજ નાંખવુ તે ઘણું ઉત્તમ છે.

સદગ્રહસ્થ ખેડુતો હુ તમારૂ કામ જોઇને ઘણો દીલગીર થઉછુ કેમકે તમો પૈકીના; જે બજારમાં વેચવા આવનાર છો; અગર જેમનો માલ બજારમાં વેચવા આવે છે; તેઓ આખો સાંઠો બજારમાં વેચવા મોકલે છે. એ કામમાં ભુલ અને ખોટ જણાય છે. તે તમોને સમજાવવા કહેવી જોઇએ; આખો છોડ જે બજારમાં વેચો; તેમાં ઘરાકને કેટલો ભાગ કામમાં આવે છે; જેટલો કામ આવે તેટલો. રાખી બાકીનો બજારમાં ન મોકલીએતો ભાડાની મજુરી કેટલી બચે ? અને રાખેલો ભાગ ખાતરના કામમાં અને ઢોરના ખાવાના કામમાં આવે કે ? અને બજારમાં એ સાંઠા મુકવામાં જગ્યા થોડી રોકે ? બજારમાં ભટકતાં ઢોર કટેવાં થાય નહિ આવા નફા છે. તે તમે વિચારતા નથી. એથી ખાતરમાં નુકશાન થાયછે અને ખરચ વધે છે. આ વખતે તમે એમ કહોશો કે; ઘરમની ક્રીયામાં ગરાકોને આખો સાંઠો જોઇએ છીએ. તો ! મારૂ કહેવાનુ એ છે કે માણેક ઠારી પુનમ (સરદપુનમ) દેવદીવાલી એવા ખાસ તેહેવારોને દહાડે આખા સાંઠા બજારમાં મોકલવા અને તેની યોગ કીંમત વધારે લેવી એટલે આખો સાંઠો લેવાનો વહીવટ બંધ થઇ જશે. અને થતી નુકશાની બચવાની છે. હવે શેરડીના સાંઠા જે પીલવામાં આવે છે. તે છોડની ટોચો કાપી એ ટોચોને ગોળના કહડાઇયા નીચે બાલી નાંખવામાં આવે છે; એ કામ ખોટવાળુ છે, માટે એ ટોચો બાલી નાખવાનુ ખાસ કાંઇ કારણુ છે ? હોયતો ! મને કહો ? કોઇ બલતણુની ખોટ કહેસો તો ! તે મારે કબુલ નથી. એ કામ વાઘરડી માટે ભેંસ મારવા જેવું છે. માટે તે સિવાયનાં કારણુ હોયતો ! કહો? ઘણા ખેડુતો ગોળના ઢેપા બંધાવા તેમાં રાખોડી ભેલવી દગો કરે છે; એ દગામાં એ રાખોડી સારી છે. એમ રહેસો તો ! એ પણુ મારે કબુલ નથી.

એ કુચાઓ માટે મારા વિચાર એવા છે કે, સાંઠાને પીલ્યા તેમાં કસ રહે છે; માટે તે કુચા ઢોરને ખવરાવવા, તન્ત પીવેલા ની છાલ આકરી હોય; અને તેમાં ચીચુડાની વાશ બેશી ગયેલી તેથી કેટલાક ઢોર ટેવ પડયા વગર તે ખાતાં નથી. અને કેટલાક તે ખાયતો એ કુચા સુકવીને ખાંણુ બાફણામાં ભેળવવા તેમ કરતા કંટાળે તેઓએ ઉકડામાં નાંખવા પણ બાલવા તો નહિ.

સેરડાને પીલતાં આખો સાંઠો પીલો છો. પણ સેરડીના શાંઠાન ભાગ પડેછે, અને તેમાંના ઉપરના કાચા ભાગમાં ખારાશ હોયછે ખારો ભાગ જુદો પીલવાથી બીજા ભાગનો શાંઠો પીલીને ગોળ કરવાથી માલ શારો થસે! વલી તરત પીલવામાં આવે છે. તેથી તેમાં પાણીનો ભાગ વધારે આવી ઊકાલવાના ખર્ચમાં વધારો થાય છે. માટે શાંઠાઓ કદાપી તરત પીલવા નહિ, કમમાં કમ એક અઠવાડીયુ વાશી રાખીને પીલશો તો કામ ઘણુ ઓછુ થસે, અને ખરચ ઓછુ થસે, અને માલમાં કાંઇ નુકશાન જશે નહિ.

તમો શેરડીના શાંઠાને પાનાં બાંધો છો, તેથી એ શાંઠાને કુદરતની હવાને અજવાશ મલતાં નથી. તેથી નુકશાન થાય છે. તેમ કરવાનું ખાશ કારણુ હોયતો કહો! નહિતો એ કામ કરશોમા.

શેરડીના ખેતરોને શીયાળ શાંહુડી અને શુયર (ભુંડ) થી નુકશાન થતું બચાવવાને માટીની વંડીઓ કરવામાં આવે છે. તે કામ ઘણુ પશંદ કરવા જેવું છે. વલી હાથીઆ થોરની વાડો ખાશ મજબુત કરી હોય તો તેનાથી પણ બચાવ કરી શકાય છે.

ખેતીવાડીના ઉપદેશક:
આદીતરામ સલુખરામ પારખી સમીવાળા.
અમદાવાદ–રાયપુર આકાસેઠના કુવાની પોલ.